## ગુજરાત યુનિવર્સિટી

નં.એકેડેમિક/પ્રવેશ/૪૭૨૯/૨૦૧૩ તા.૧૨-૭-૨૦૧૩

પ્રતિ,
તમામ સંલગ્ન વિજ્ઞાન કોલેજોના આચાર્યશ્રીઓ....

બાબત- શૈ.વર્ષ.૨૦૧૩-૧૪ અમદાવાદ ખાતે પ્રથમ વર્ષ વિજ્ઞાન વિધાશાખાના પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ વંચિત વિધાર્થીઓના પ્રવેશ અંગેની સૂચનાઓ, માર્ગદર્શક નિયમો.

સંદર્ભ- યુનિવર્સિટીનો પ્રવેશ અંગેનો તા.૧૭-૫-૨૦૧૩નો પરિપત્ર ક્રમાક:એકેડેમિક/પ્રવેશ/૧૦૬૩/૨૦૧૩.

શ્રીમાન/શ્રીમતી,

માન.કુલપતિશ્રીના આદેશાનુસાર આ યુનિવર્સિટી સાથે સંલગ્ન અમદાવાદ શહેરની વિજ્ઞાન વિધાશાખાની તમામ કોલેજોમાં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ વંચિત વિધાર્થીઓના પ્રવેશ આપવાની કામગીરીમાં નીચે જણાવેલ સૂચનાઓ-માર્ગદર્શક નિયમોનું ચૂસ્તપણે પાલન કરવા વિનંતી છે.

૧: પ્રથમ વર્ષ બી.એસસી.માં પ્રવેશથી વંચિત રહેલ વિધાર્થીઓએ તા.૧૬-૭-૨૦૧૩ થી તા.૧૮-૭-૨૦૧૩ દરમ્યાન અમદાવાદ વિસ્તારની તમામ સાયન્સ કોલેજોમાં પ્રવેશ માટે ફોર્મ વિતરણની તથા સ્વીકારવાની કાર્યવાહી વિધાર્થીઓની સુગમતા માટે સી.યુ.શાહ સાયન્સ કોલેજ, આશ્રમ રોડ, અમદાવાદથી બપોરના ૧-૦૦ થી ૪-૦૦ સમય દરમ્યાન કરવામાં આવશે.

૨: અમદાવાદની જે તે સાયન્સ કોલેજોમાં તા.૨૪-૭-૨૦૧૩ના રોજ પ્રથમ પ્રવેશ-યાદી મેરીટના ધોરણે મૂકવામાં આવશે અને જરૂર પડે તો બીજી પ્રવેશ-યાદી તા.૨૬-૭-૨૦૧૩ના રોજ જે તે સાયન્સ કોલેજોમાં મૂકવામાં આવશે. જયારે મેરીટના ધોરણે પ્રવેશ યાદી જે તે સાયન્સ કોલેજના મેરીટને ધ્યાનમાં રાખી જે તે સાયન્સ કોલેજો ઉપર મૂકવામાં આવશે. તથા તે મુજબ તે કોલેજ ઉપર ફી સ્વીકારવામાં આવશે.

૩: ફોર્મ લેતી વખતે ધો-૧૨ની ઓરીજીનલ માર્કશીટ અચૂક બતાવવાની રહેશે.

૪: ફોર્મ ભરીને આપતી વખતે ટ્રાયલ સર્ટીફિકેટ, લીવીંગ સર્ટીફિકેટ તથા માર્કશીટની ઝેરોક્ષ સામેલ કરવાની રહેશે, ગુણવતા યાદી તૈયાર કરતી વખતે એક કરતાં વધુ પ્રયત્ને પાસ થયેલ વિધાર્થીઓના પ્રયત્ન દીઠ ૧૫ ગુણ કુલ ગુણમાંથી ઓછા કરવાનું રાખવું, અને તે પ્રમાણે મેરીટ યાદી નકકી કરવાની રહેશે.

૫: અન્ય વિજ્ઞાન કોલેજમાં જે વિધાર્થીઓએ પ્રવેશ મેળવેલ હોય તેવા વિધાર્થીઓને આપની કોલેજમાં પ્રવેશ ફોર્મ કે પ્રવેશ  આપવો નહી. (ઓરીજીનલ માર્કશીટ સિવાય કોઇપણ સંજોગોમાં પ્રવેશ આપવો નહી) આ જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

૬: દરેક કોલેજે સ્પષ્ટ રીતે સૂચના મુકવી કે કોલેજમાં ફી ભરીને પ્રવેશ મેળવ્યા બાદ પ્રવેશ રદ થઇ શકશે નહી, કે બીજી વિજ્ઞાન કોલેજમાં પ્રવેશ બદલવા માટે અસલ ગુણપત્રક પરત મળશે નહી. આ બાબતે યુનિવર્સિટી પર કોઇ વિધાર્થીને મોકલવા નહી. આનો ચૂસ્ત અમલ કરવો.

બાકીની તમામ સૂચનાઓ વિજ્ઞાન વિધાશાખાના પ્રથમ વર્ષ પ્રવેશ માટેના તા.૧૭-૫-૨૦૧૩ના પરિપત્ર ક્રમાંક-એકેડેમિક/પ્રવેશ/૧૦૬૩/૨૦૧૩ મુજબ રહેશે, જેની નોંધ લેવા વિનંતી છે.

કા.કુલસચિવ